ઓહ...! રાજ્યમાં કોરોનાના ૫૩૯૬ દૈનિક કેસ

છેલ્લા ૨૪ કલાકમાં એક દર્દીનું મોત થયું : ગુજરાતમાં એક્ટિવ કેસની સંખ્યા હવે ૧૮,૫૮૩ પર પહોંચી ગઈ છે, જેમાંથી ૧૯ દર્દીઓ વેન્ટિલેટર પર છે

ગાંધીનગર, તા.૭

ગુજરાતમાં કોરોના વાયરસ બેકાબૂ બની રહી છે અને દરરોજ કેસ રોકેટગતિએ વધી રહ્યા છે. ગુજરાતમાં દૈનિક કેસનો આંકડો હવે ૫,૦૦૦ને પાર થઈ ગયો છે. જ્યારે અમદાવાદની પરિસ્થિતિ પણ ચિંતાજનક બની રહી છે. જ્યાં દૈનિક કેસ ૨૦૦૦ને પાર થઈ ગયા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોવિડ-૧૯ના ૫,૩૯૬ કેસ નોંધાયા છે. જ્યારે ૧૧૮૫ દર્દીઓ કોરોનામાંથી સાજા થયા છે. એક દર્દીનું કોરોનાથી મોત થયું છે.

કોરોના જે રીતે વકરી રહ્યો છે તો જોતાં રાજ્ય સરકારે કડક નિયંત્રણો અમલમાં મૂક્યા છે. રકારે આખરે રાત્રી કરફ્યુનો સમય વધારવા સહિતના આકરાં પગલાં અમલમાં મૂકવાની જાહેરાત કરી છે. બાળકોમાં પણ કોરોનાના કેસ વધી રહ્યા છે ત્યારે ધોરણ ૧થી ૯ના વર્ગો બંધ કરવાની પણ જાહેરાત કરવામાં આવી છે. હવેથી આ ધોરણના વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ અપાશે. ઉલ્લેખનીય છે કે, આજે જ કેબિનેટ મંત્રી કનુ દેસાઈએ જણાવ્યું હતું કે રાજ્યમાં હાલ કોઈ પ્રકારનું લોકડાઉન લાદવામાં નહીં આવે.

ગુજરાતમાં એક્ટિવ કેસની સંખ્યા હવે ૧૮,૫૮૩ પર પહોંચી ગઈ છે. જેમાંથી ૧૯ દર્દીઓ વેન્ટિલેટર પર છે. અત્યાર સુધી ૮,૨૧,૫૪૧ લોકોએ કોરોનાને હરાવ્યો છે. જ્યારે મૃત્યુઆંક ૧૦,૧૨૮ પર પહોંચી ગયો છે. રાજ્યમાં રિકવરી રેટ ૯૬.૬૨ ટકા છે. હાલમાં કેસ સતત વધી રહ્યા છે પરંતુ મૃત્યુઆંકમાં કોઈ ઉછાળો નોંધાયો નથી તે થોડા રાહતના સમાચાર છે. ગુજરાતમાં અમદાવાદ અને સુરત શહેર ચિંતામાં વધારો કરી રહ્યા છે. અમદાવાદ કોર્પોરેશનમાં ૨૨૮૧ નવા કેસ નોંધાયા છે જ્યારે સુરત કોર્પોરેશનમાં ૧૩૫૦ કેસ સામે આવ્યા છે. અમદાવાદમાં ૫૮૦ અને સુરતમાં ૨૪૮ દર્દીઓ સાજા થયા છે. આ ઉપરાંત જ્યાં ત્રણ આંકડામાં કેસ નોંધાયા છે તેમાં વડોદરા કોર્પોરેશનમાં ૨૩૯, રાજકોટ કોર્પોરેશનમાં ૨૦૩, વલસાડમાં ૧૪૨, આણંદમાં ૧૩૩, ખેડામાં ૧૦૪ અને સુરત જિલ્લામાં ૧૦૨ કેસ સામેલ છે.

સિવિલ હોસ્પિટલનો સ્ટાફ અને તબીબો પણ કોરોનાથી સંક્રમિત થયા છે. ડોક્ટર હિતેન્દ્ર દેસાઈ કોરોના સંક્રમિત થતાં તેઓ આઈસોલેટ થઈ ગયા છે. જ્યારેઁ ઈં ગિરીશ વણઝારાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ભાજપના કોર્પોરેટર ઉમંગ નાયકને પણ કોરોના થયો છે.

કોરોના અપડેટ

- દેશમાં વેક્સિનેશનનું ૧૫૦ કરોડ ડોઝનુ લક્ષ્ય સંપન્ન
- કોરોના સંક્રમણ વધતા રાજકોટ મુંબઈ વચ્ચેની ફ્લાઈટ ૧૪મી સુધી રદ
- ગુજરાત હાઈકોર્ટમાં આજથી ફિઝીકલ સુનાવણી બંધ કરાઈ
- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના ૧૫મી સુધીના તમામ કાર્યક્રમો રદ કરાયા
- દિલ્હીમાં આજે રાત્રે ૧૦ વાગ્યાથી ૫૬ કલાક માટે કરફ્યુ લદાયો
- કોરોનાના વધતા સંક્રમણને પગલે ગુજરાતમાં કલા મહાકુંભ બંધ રખાયો
- ઓરીસામાં ૧ ફેબ્રુઆરી સુધી શાળા કોલેજો બંધ રાખવા સરકારના આદેશ
- દિલ્હી એઈમ્સમાં મોટી સંખ્યામાં આરોગ્ય કર્મચારીઓ સંક્રમિત થયા
- સ્વામિનારાયણ સંપ્રદાયના ભાવી આચાર્ય મૃગેન્દ્ર પ્રસાદે તમામ ધાર્મિક કાર્યક્રમો રદ કરવાની જાહેરાત કરી
- ખોડલધામનો પાટોત્સવ રદ થવાની શક્યતા

ગાંધીનગરમાં ૨૭મો ગુજરાત રૂદ્રાક્ષ મહોત્સવ

ગાંધીનગર, તા. ૭

અમદાવાદમાં વિશ્વપ્રસિદ્ધ સંસ્થા રૂદ્રલાઈફ, મુંબઈ દ્વારા અલભ્ય રૂદ્રાક્ષનું પ્રદર્શન કમ સેલનું આયોજન કરવામાં આવ્યું છે. રૂદ્રલાઈફ સંસ્થા દ્વારા વિશ્વભરમાં ૯૫૦ થી પણ વધારે સફળ રૂદ્રાક્ષનું પ્રચાર અને પ્રસાર પ્રદર્શન થયેલું છે. આ પ્રદર્શનમાં ૧ થી ૧૪ મુખી રૂદ્રાક્ષની સિદ્ધમાળા, અનન્ય ઈન્દ્રમાળા જેન્યુઈન કલેક્ટર ૧ થી ૨૧ મુખી બીડ્સ તથા સ્ફટીકમાળાનું અદ્‌ભૂત કલેક્શન ઉપલબ્ધ રહેશે.

અત્યાર સુધીમાં સૌ પ્રથમવાર રૂદ્રલાઈફ દ્વારા ગુજરાત રૂદ્રાક્ષ મહોત્સવ નિમિત્તે ખાસ આકર્ષક કિંમતો રજુ કરવામાં આવી છે. આખા વર્ષમાં એકજ વાર આપણા શહેરમાં ખાસ કિંમતનો લાભ રૂદ્રલાઈફ દ્વારા અપાશે તેવી પ્રથમ પહેલ છે.

ભારતભરમાં એકમાત્ર રૂદ્રલાઈફ સંસ્થા આઈએસઓ ૯૦૦૧-૨૦૧૫ લેબ ટેસ્ટેડ, સર્ટીફીકેટ સાથે રૂદ્રાક્ષ ઉપલબ્ધ કરાવે છે. આપના હેલ્થ પર્સનાલીટી તથા ગ્રોથ માટે તજજ્ઞ તનય સીઠાની

નિષ્ણાત ટીમ દ્વારા રૂદ્રાક્ષ કોમ્બીનેશન અંગે માર્ગદર્શન મળશે. આપના જુના રૂદ્રાક્ષની ચકાસણી પણ વિના મુલ્યે કરી આપવામાં આવે છે. નિષ્ણાંત કારીગરો આપના કોમ્બીનેશન મુજબ સ્થળ ઉપરજ માળા બનાવી આપે છે. રૂદ્રાક્ષની પૂજા-અભિષેક એકઝીબેશન સ્થળ ઉપરજ કરવામાં આવે છે.

ગાંધીનગર : ૫ થી ૧૦ જાન્યુઆરી માત્ર ૬ દિવસ માટે જ ટેરાકોટા રેસ્ટોરન્ટ, પ્રમુખ આર્કેટ-૨, રિલાયન્સ પાસે, ક્રોસ રોડ, કુડાસણ, ગાંધીનગર, સવારે ૧૦.૦૦ થી રાત્રે ૮.૦૦, મો. ૦૯૩૨૦૦ ૭૭૦૧૮, ૯૩૨૨૭૯૧૨૧૮

અત્રે ઉલ્લેખનીય છે કે રૂદ્રલાઈફ દ્વારા રૂદ્રાક્ષ થેરાપીના ઉપચારની પાંચ મેડીકલ પેટર્ન રજીસ્ટર્ડ કરાવવામાં આવેલી છે. નાસીક, ત્રંબકેશ્વર ખાતે ભારતનું સર્વ પ્રથમ રૂદ્રાક્ષ મ્યુઝીયમ રૂદ્રલાઈફ દ્વારા પ્રસ્થાપીત કરવામાં આવી રહ્યું છે. રૂદ્રાક્ષની સંપૂર્ણ માહિતીના ખજાના સમાન પુસ્તક ''પાવર ઓફ રૂદ્રાક્ષ'' અંગ્રેજી અને હિન્દી ભાષામાં રૂદ્રલાઈફ દ્વારા રજુ કરાયેલ છે.

સંધ્યા ટાંણુ રેસ્ટોરન્ટના મેનેજરનું બાઈક ચોરાયું

ન્યું કુડાસણ વિસ્તારમાં આવેલી સંધ્યા ટાણુ રેસ્ટોરન્ટના આગળના ભાગેથી પેશન પ્રો બાઈકની ચોરી થવા પામી છે. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. મુળ માણસા રાણીયાપરા ગોવર્ધનનગર બી વિભાગ અને હાલ કુડાસણ પટેલવાસ રામજી મંદિર પાસે રહેતા સાગર અરવિંદભાઈ પટેલ પરિવાર સાથે રહે છે અને કુડાસણ વીટીસી કોમ્પ્લેક્ષ પાસે સંધ્યા ટાંણુ રેસ્ટોરન્ટ ખાતે મેનેજર તરીકે ફરજ બજાવે છે. સાગર પોતાના ઉપયોગ માટે જી.જે.૨૭. સી.આર.-૬૪૩૬ નંબરના પેશન પ્રો બાઈકનો ઉપયોગ કરતો હતો. ગત તા.૧૯ ડિસેમ્બરના રોજ રાત્રીના બાઈક લઈને લેન્ડમાર્ક પાસે અમુલ પાર્લર છાશ લેવા સાગર ગયો હતો. ત્યારબાદ બાઈક રેસ્ટોરન્ટ બહાર પાર્ક કર્યું હતું. ત્યારબાદ હોટલમાં કામ પૂર્ણ કરીને રાત્રીના સમયે ઘરે જતા પાર્ક કરેલી જગ્યા પર જોયુ તો બાઈક ન હતું. પોતાની રીતે આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી. પરંતુ બાઈક મળી આવ્યું ન હતું. આખરે ઈન્ફોસીટી પોલીસ મથકે રૂ.૩૦ હજારના બાઈક ચોરી અંગે તપાસ હાથ ધરી છે.

કોરોનાને કારણે મુખ્યમંત્રી દ્વારા સરકારી કાર્યક્રમો પર રોક

ગાંધીનગર,તા.૭

ગુજરાતમાં કોરોનાના નવા કેસનો આંકડો ૫૦૦૦ ને પાર થઈ ગયો છે ત્યારે ગુજરાત સરકાર સતર્ક મોડ પર આવી ગઈ છે. કોરોના સંક્રમણ વધવા સાથે સરકારી કાર્યક્રમો પર રોક લગાવી દેવાઈ છે. વાઈબ્રન્ટ સમિટ મોકૂફ કરવાની જાહેરાત અગાઉ ગુજરાત સરકાર કરી ચૂકી છે. ત્યારે આ બાદ તમામ સરકારી કાર્યક્રમો રદ કરાયા છે. એટલુ જ નહિ, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના કાર્યક્રમો પણ રદ કરાયા છે.

કોરોના સંક્રમણ વધવા સાથે સરકારી કાર્યક્રમો પર રોક કરાયા છે. મુખ્યમંત્રીએ ૧૫ જાન્યુઆરી સુધીના પોતાના તમામ કાર્યક્રમો રદ કર્યા છે. સાથે જ સરકારના તમામ મંત્રીઓને પ્રભારી જિલ્લામાં કોરોના સ્થિતિની સમીક્ષા કરવા સૂચના આપી છે. ૨ દિવસ તમામ મંત્રીઓ પ્રભારી જિલ્લામાં સમીક્ષા કરશે.ઁ છજી અધિકારીઓને પણ જિલ્લા પ્રભારી તરીકે જવાબદારી સોંપી છે. રાજ્યમાં કોરોના સંક્રમણ વધતા મુખ્યમંત્રીએ તમામ મંત્રીઓને આગામી ૨ દિવસમાં પોતાના પ્રભારી જિલ્લાઓનો પ્રવાસ કરવા સૂચના અપાઈ છે.

જિલ્લામાં વર્તમાન કોરોના પરિસ્થિતિ, કોરોના નિયંત્રણ માટે લેવાયેલા પગલાં, હોસ્પિટલોની પરિસ્થિતિ, વેક્સીનેશન, ટેસ્ટિંગની સ્થિતિ પર સમીક્ષા કરવા સૂચના આપી દેવાઈ છે. સ્થાનિક વહીવટી તંત્ર સાથે બેઠક કરી વર્તમાન પરિસ્થિતિ અંગે રિપોર્ટ આપવા સૂચના અપાઈ છે. આ ઉપરાંત રાજયમા પ્રવર્તી રહેલ કોવિડ-૧૯ની સાપ્રત પરિસ્થિતિને ધ્યાને લઈને આરોગ્ય વિભાગ દ્વારા રાજયના આરોગ્ય કર્મીઓની રજાઓ રદ કરાઈ છે અને તમામ કર્મીઓને તાત્કાલિક ફરજ પર હાજર થવા આદેશો કરી દેવાયા છે અને આગામી સમયમા અનિવાર્ય સંજોગો સિવાય રજા મંજૂર કરાશે નહિ તેવુ કહેવાયુ છે.

સરકાર દ્વારા કોરોના મામલે અનેક મોટા નિર્ણયો લેવાઈ રહ્યાં છે. કોરોના સંક્રમણ વધતા પ્રભારી સચિવોને જવાબદારી સોંપાઈ છે. રાજયના ૩૩ જિલ્લામાં નવા પ્રભારી સચિવોની નિમણૂંક કરાઈ છે. તો અમુક જિલ્લામાં જુના પ્રભારી સચિવને ચાલુ રખાયા છે. અમદાવાદ શહેરની જવાબદારી મુકેશકુમારને, રાજકોટમાં રાહુલ ગુપ્તાને, વડોદરામાં વિનોદ રાવ અને સુરતમાં એમ. થેન્નારસનને જવાબદારી સોંપાઈ છે. બીજી તરફ, ગુજરાત યુનિવર્સિટી શૈક્ષણિક સંઘે શિક્ષણમંત્રી જિતુ વાઘાણીને પત્ર લખ્યો છે. તીવ્ર ગતિએ ફેલાતા કોરોના સંક્રમણને કારણે કોલેજો અને યુનિવર્સિટીઓમાં ઓનલાઈન શિક્ષણ અને 'વર્ક ફ્રોમ હોમ' આપવા અપીલ કરી છે. રાજ્યના વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પણ વધતા કેસોને પગલે ભયનો માહોલ છે. કોરોનાના સંક્રમણને વધતું અટકાવી શકાય એ હેતુથી ઓનલાઈન શિક્ષણ ચાલુ કરવા અપીલ કરાઈ છે. હાલની સ્થિતિએ માનસિક તણાવગ્રસ્ત અવસ્થામાં વિદ્યાર્થીઓ માટે ભણવું અને અધ્યાપકો માટે ભણાવવું મુશ્કેલ થઈ રહ્યા અંગે રજૂઆત કરાઈ છે.

આજથી ધો. ૯ સુધીની શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ બંધ

રાજ્યમાં કોરોના સંક્રમણ વધતા ફરીથી કડક નિયંત્રણો લાગુ કરાયા છે. કોરોનાના કેસો વધતા ધો. ૧ થી ૯ ના ઓફલાઈન વર્ગો બંધ કરી દેવાયા છે. આ ઉપરાંત રાત્રી કરફ્યુના સમયમાં એક કલાકનો વધારો કરાયો છે. રાત્રે ૧૦ વાગ્યાથી સવારે ૬ વાગ્યા સુધી કરફ્યુ રહેશે. હોટલ-રેસ્ટોરન્ટ ૭૫ ટકા ક્ષમતા સાથે રાત્રે ૧૦ વાગ્યા સુધી ચાલુ રહેશે. હોમ ડીલીવરી રાત્રે ૧૧ વાગ્યા સુધી ચાલુ રાખી શકાશે.

શહેરો માટેના નિયંત્રણો

૧. **રાત્રિ કરફ્યુ**
રાજ્યના અમદાવાદ શહે, વડોદરા શહેર, સુરત શહેર, રાજકોટ શહેર, ભાવનગર શહેર, જામનગર શહેર, જુનાગઢ શહેર, ગાંધીનગર શહેર ઉપરાંત વધુ બે નગરો આણંદ શહેર અને નડીયાદમાં દરરોજ રાત્રિના ૧૦.૦૦ કલાકથી સવારના ૬.૦૦ કલાક સુધી રાત્રિ કરફ્યુ અમલમાં રહેશે.

૨. **દુકાનો વાણિજ્ય સંસ્થાઓ, લારી-ગલ્લાઓ, શોપીંગ કોમ્પલેક્ષ, માર્કેટીંગ યાર્ડ, અઠવાડીક ગુજરી / બજાર હાટ, હેર કટીંગ સલૂન, સ્પા અને બ્યુટી પાર્લર તેમજ અન્ય વ્યાપારિક ગતિવિધિ**
ઉપરોક્ત શહેરોમાં સામે દર્શાવેલ વ્યાપારિક ગતિવિધિ રાત્રિના ૧૦.૦૦ કલાક સુધી ચાલુ રાખી શકાશે.

૩. **હોટેલ / રેસ્ટોરેન્ટ્સ**
બેઠક ક્ષમતાના ૭૫% સાથે રાત્રિના ૧૦:૦૦ કલાક સુધી ચાલુ રાખી શકાશે. હોટેલ રેસ્ટોરેન્ટમાં હોમ ડિલીવરી સેવાઓ રાત્રિના ૧૧:૦૦ કલાક સુધી ચાલુ રાખી શકાશે.

૪. **સમગ્ર રાજ્યમાં તમામ પ્રકારના રાજકીય, સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક કાર્યક્રમો જેવા જાહેર સમારંભો તેમજ ધાર્મિક સ્થળો**
ખુલ્લામાં મહત્તમ ૪૦૦ વ્યક્તિઓ પરંતુ, બંધ સ્થળોએ જગ્યાની ક્ષમતાના ૫૦% (મહત્તમ ૪૦૦ વ્યક્તિઓની મર્યાદામાં) વ્યક્તિઓ એકત્રિત થઈ શકશે.

૫. **લગ્ન પ્રસંગ**
ખુલ્લામાં મહત્તમ ૪૦૦ વ્યક્તિઓ પરંતુ, બંધ સ્થળોએ જગ્યાની ક્ષમતાના ૫૦% (મહત્તમ ૪૦૦ વ્યક્તિઓની મર્યાદામાં) વ્યક્તિઓ એકત્રિત થઈ શકશે. લગ્ન પ્રસંગ માટે Digital Gujaat Portal પર નોંધણી કરાવવાની રહેશે.

૬. **અંતિમક્રિયા / દફનવિધિ**
મહત્તમ ૧૦૦ (એકસો) વ્યક્તિઓની મંજુરી

૭. **પબ્લિક તથા પ્રાઈવેટ બસ ટ્રાન્સપોર્ટ**
નોન એ.સી. બસ સેવાઓ ૭૫% ક્ષમતા સાથે (Standing not allowed) જ્યારે એ.સી. બસ સેવાઓ મહત્તમ ૭૫% પેસેન્જર કેપેસીટમાં ચાલુ રહેશે. બસ ટ્રાન્સપોર્ટ સેવાઓને રાત્રિ કરફ્યુમાંથી મુક્તિ આપવામાં આવે છે.

૮. **સિનેમા હોલ**
બેઠક ક્ષમતાના ૫૦%થી ચાલુ રાખી શકાશે.

૯. **જીમ**
સમાવેશ ક્ષમતાના ૫૦%થી ચાલુ રાખી શકાશે.

૧૦. **વોટર પાર્ક તથા સ્વીમીંગ પુલ**
ક્ષમતાના મહત્તમ ૫૦% સાથે ચાલુ રાખી શકાશે.

૧૧. **વાંચનાલયો**
બેઠક ક્ષમતાના ૫૦%થી ચાલુ રાખી શકાશે.

૧૨. **ઓડિટોરીયમ, એસેમ્બલી હોલ, મનોરંજક સ્થળો**
બેઠક ક્ષમતાના ૫૦%થી ચાલુ રાખી શકાશે.

૧૩. **જાહેર બાગ-બગીચાઓ**
રાત્રિના ૧૦:૦૦ કલાક સુધી

૧૪. **ધો.૯ થી પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્ષ સુધીના કોચીંગ સેન્ટરો / ટ્યુશન ક્લાસીસ તેમજ તમામ પ્રકારની સ્પર્ધાત્મક / ભરતી અંગેની પરીક્ષાઓ માટેના કોચીંગ સેન્ટરો**
સ્થળની ક્ષમતાના મહત્તમ ૫૦ન વિદ્યાર્થીઓ સાથે

૧૫. **શૈક્ષણિક સંસ્થાઓ**
રાજ્યભરની શાળાઓમાં ધોરણ ૧ થી ૯માં વર્ગખંડ શિક્ષણ એટલે કે ઓફલાઈન શિક્ષણ તા. ૩૧/૧/૨૦૨૨ સુધી બંધ રહેશે. માત્ર ઓનલાઈન શિક્ષણ જ ચાલુ રહેશે.

૧૬. **શાળા, કોલેજ, અન્ય સંસ્થાઓની પ્રવેશ પરીક્ષાઓ તેમજ સ્પર્ધાત્મક / ભરતી અંગેની**
કોરોના ગાઈડલાઈનનું પાલન કરવાની શરતે નિયત S.O.P. સાથે યોજી શકાશે.

૧૭. **સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ / સ્પોર્ટ્સ સ્ટેડીયમ / સંકુલમાં રમતગમત**
પ્રેક્ષકોની ઉપસ્થિતિ વગર ચાલુ રાખી શકાશે.

ચૌધરી પ્રાથમિક શાળામાં બાલ ઉર્જા રક્ષક દળ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૭

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય ખાતે નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા બાલ ઉર્જા રક્ષક દળ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિસર્ગ સાન્યસ સેન્ટરમાંથી હાર્દિકભાઈ અને શિવાંગભાઈ આવ્યા હતા. જેમણે પ્રોજેકટર દ્વારા ઉર્જાના સ્ત્રોત, ઉર્જા બચત, ઉર્જાનો રોજિંદા જીવનમાં ઉપયોગ વિગેરે વિશે સમજૂતી આપી હતી.

આ કાર્યક્રમમાં ધો-૮ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ કવીઝનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિજેતાઓનું આચાર્ય ચૌધરી ઈજુબેનના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમમાં વિજ્ઞાન શિક્ષકો ચૌધરી ક્રિષ્ણાબેન, પટેલ ગીતાબેન, ચૌધરી રિનાબેન, ચૌધરી મોનિકાબેન તથા ચૌધરી હાર્દિકાબેને સહયોગ આપ્યો હતો.

માર્ચ મહિનાથી યાત્રિકો અંબાજીમાં ૫૧ શક્તિપીઠની પરિક્રમા કરી શકશે

ત્રણ થી ચાર કલાકમાં પરિક્રમા પૂર્ણ થશે, યાત્રાધામ વિકાસ બોર્ડ અને અંબાજી દેવસ્થાન ટ્રસ્ટે ૬૨ કરોડનો ખર્ચ કર્યો છે

ગાંધીનગર

ગુજરાતમાં પ્રસિદ્ધ ગિરનારની પરિક્રમાની જેમ હવે આવતા વર્ષથી દર્શનાર્થીઓ અંબાજીમાં બનાવવામાં આવેલા ૫૧ શક્તિપીઠની પરિક્રમા કરી શકશે. આ બન્ને પરિક્રમામાં અંતર માત્ર એટલું જ છે કે ગિરનારમાં પાંચ દિવસ થાય છે જ્યારે અંબાજીમાં ત્રણ થી ચાર કલાક થશે.

આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ તરફથી જણાવવામાં આવ્યું છે કે અંબાજીમાં ભાવિકો આગામી માર્ચ ૨૦૨૨ પછી ૫૧ શક્તિપીઠની પરિક્રમા કરી શકશે. ગબ્બરના ડુંગર પર ૫૧ શક્તિપીઠની પ્રતિકૃતિ વિકસાવવામાં આવી છે.

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધિકારીએ કહ્યું હતું કે તમામ કામગીરી પૂર્ણ થયા પછી શક્તિપીઠની પરિક્રમાની જાહેરાત કરાશે. હાલ જર્જરીત થયેલા પગથિયાનું કામ ચાલી રહ્યું છે. આ શક્તિપીઠની પ્રતિકૃતિ પાછળ ૬૧.૫૭ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટનો શિલાન્યાસ ૨૦૦૮માં કરવામાં આવ્યો હતો. પરિક્રમામાં ભક્તજનોને ત્રણ થી ચાર કલાકનો સમય લાગશે.

દેશમાં ફેલાયેલા તમામ શક્તિપીઠમાં કેવી રીતે પૂજા અને આરતી કરવામાં આવે છે તેની માહિતી મેળવવા માટે અંબાજીના પૂજારીઓને મોકલવામાં આવ્યા હતા. આ શક્તિપીઠમાં પૂજા અને આરતી પણ કરવામાં આવશે. પુરાણોમાં શક્તિપીઠનું વર્ણન આવે છે અને તેની પરિક્રમા એ અશ્વમેધ યક્ષ કરવા સમાન માનવામાં આવે છે.

ભારતમાં ૫૧ પૈકી ૪૨ શક્તિપીઠ આવેલા છે. ૯ પૈકી બાકીના તિબેટમાં માનસરોવરના કિનારે માનસ, શ્રીલંકામાં આલંકા, નેપાળમાં ગંડકી અને ગુહેશ્વરી, પાકિસ્તાનમાં હિંગળાજ, બાંગ્લાદેશમાં સુગંધ, કર્તોયા, ચટ્ટલ અને યશોરા શક્તિપીઠ આવેલા છે.

વર્ગો બંધ.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

રહેશે, અને વિદ્યાર્થીઓને માત્ર ઓનલાઈન શિક્ષણ જ આપવામાં આવશે. સ્કૂલ, કોલેજોની કે અન્ય સંસ્થાની સ્પર્ધાત્મક કે ભરતી અંગેની પરીક્ષા જેંનું પાલન કરવાની શરતે યોજી શકાશે. સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, સંકુલમાં પ્રેક્ષકોની ઉપસ્થિતિ વિના રમત રમી તેમજ યોજી શકાશે.

મેડિકલ કારણોસર બહાર નીકળી શકાશે. જેમને બહારગામ જવાનું હોય તેઓ ટિકિટ બતાવી અવરજવર કરી શકશે. આ ઉપરાંત, ઈમરજન્સી સેવા સાથે સંકળાયેલા કર્મચારીઓને પણ મુક્તિ રહેશે. અનિવાર્ય સંજોગોમાં બહાર નીકળેલ વ્યક્તિ આઈડી, ડોક્ટરનું પ્રિસ્ક્રિપ્શન, સારવારને લગતા કાગળ રજૂ કરી અવરજવર કરી શકશે. સરકારે એવી પણ તાકિદ કરી છે કે ઈમરજન્સીમાં બહાર નીકળેલા વ્યક્તિ સાથે ફરજ પરના અધિકારીએ માનવીય અભિગમ દાખવવાનો રહેશે.

ઘાતક હશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમ નથી થઈ રહ્યું. હાલ વાયરસની પેટર્નમાં જે પરિવર્તન દેખાઈ રહ્યું છે તે એક લાંબા ગાળાનો ટ્રેન્ડ છે. કોરોના ખૂબ જ ઝડપથી ફેલાતો અને પેટર્ન બદલતો વાયરસ છે, જેથી તે માઈલ્ડ થઈ જાય તેવું માનવાને કોઈ કારણ નથી. ઓમિક્રોન ડેલ્ટાથી ઓછો ઘાતક છે તે થોડા સમય માટે રાહતના સમાચાર હોઈ શકે છે. પરંતુ ઓમિક્રોન પછી પણ વધુ વેરિયંટ્સ આવશે. જરુરી નથી કે ભવિષ્યમાં આવનારા વેરિયંટ ઓમિક્રોન જેવા જ હળવા હોય. શક્ય છે કે આપણે પહેલા કોરોનાની જે ઘાતકતા જોઈ ચૂક્યા છે તે આવનારા સમયમાં ફરી જોવા મળે. કોરોનાવાયરસની ઘાતકતી ઓછી થવાની શક્યતા ખૂબ જ ઓછી છે ત્યારે ઓમિક્રોન જેવા માઈલ્ડ વેરિયંટને નેચરલ વેક્સિન માની લેવાને બદલે ઈન્ફેક્શન બ્લોક કરવું, તેને ફેલાતું રોકવું વધુ ઈચ્છનીય છે. કારણકે, આપણને હજુ ખબર નથી કરે અલગ-અલગ વેરિયંટની આપણા સ્વાસ્થ્ય પર કેવી અસર પડશે, અને તે કેટલી ઘાતક હશે. વેક્સિનેશન પર ખાસ ભાર આપતા પ્રોફેસર ગુપ્તાએ તેને કોરોના સામેના રક્ષણની ફર્સ્ટ લાઈન ઓફ ડિફેન્સ પણ ગણાવી હતી. તેમનું માનવું છે કે, ઓમિક્રોન પ્રમાણમાં માઈલ્ડ છે ત્યારે આ તકનો લાભ લઈ વેક્સિનેશન કવરેજને ઝડપથી વિસ્તારવું જોઈએ.

બેઠકનો ધમધમાટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બીજી તરફ શહેર-જિલ્લામાં વધતા જતા કેસોની સર્વગ્રાહી સમીક્ષા કરવા માટે જિલ્લાના પ્રભારી રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવી પણ સોમવારે સવારે કલેક્ટર ઓફિસ આવી રહ્યા છે. આ માટે તંત્ર દ્વારા તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

ખાસ કરીને જાન્યુઆરીના છેલ્લા એક સપ્તાહમાં જ જે પરિસ્થિતિએ વળાંક લીધો છે તેને લઈ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન કરવામાં આવે તેવી સંભાવનાઓ છે. શહેર-જિલ્લામાં ચાલી રહેલુ વેક્સિનેશન અભિયાનની પણ તેઓ સમીક્ષા કરશે તેમ જાણવા મળેલ છે.

૧૦૦ની નજીક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં આજે ૨૫૦થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૪૫૦૦થી વધુ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે. તંત્રએ ૧૪૭ જેટલા માઈક્રો કન્ટેનમેન્ટ જોન જાહેર કર્યા છે.

તંત્રએ હોમ આઈસોલેશન અને કન્ટેનમેન્ટ ઝોન તેમજ ક્વોરોન્ટાઈનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા કડક સૂચનાઓ આપી છે.

૪૧ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દર્દી ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવે છે તેમ જાણવા મળેલ છે. જોકે તંત્રએ આ બાબતે મૌન સેવ્યુ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૧ દર્દીઓ સાજા થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૪૩ દર્દીઓ હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી માટે કડક તાકીદ કરી છે.

ગ્રામ્ય વિસ્તારમાં સર્વેલન્સ ટ્રેસીંગ અને ટેસ્ટીંગ વધારવા પર ભાર મુકવામાં આવ્યો છે. આ ઉપરાંત કોરોના ગાઈડલાઈન્સનો અમલ થાય તે જોવા પણ ખાસ સૂચનાઓ આપવામાં આવી છે.

હાશકારો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શિક્ષણ કાર્ય પાટે ચઢ્યુ હતુ. પરંતુ થોડા સમયમાં જ કોરોનની ત્રીજી લહેરે દસ્તક દેતા આખરે હવે ધીમે ધીમે ફરી એકવાર ઓનલાઈન શિક્ષણ પ્રથા શરૂ કરવાની ફરજ પડી છે. આજે મળેલી કોર કમિટીની બેઠકમાં પણ ધો -૧ થી ૯ માં પ્રત્યક્ષ શિક્ષણ બંધ કરી ઓનલાઈન શિક્ષણ કાર્ય શરૂ કરવા માટે સુચના આપી દેવામાં આવી છે. કોરોનાના કેસ વધતા આમ પણ છેલ્લા એક સપ્તાહથી શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા સતત ઘટી રહી છે. જયારે કેટલીક શાળાઓ સ્વેચ્છાએ જ વિદ્યાર્થીઆને શાળાએ ન આવવાનુ જણાંવી ઓનલાઈન શિક્ષણ શરૂ કરી દીધુ છે. સરકાર કક્ષાએથી પણ ધો -૧ થી ૯ માં ઓફલાઈન શિણક્ષ બંધ કરવા માટે નિર્ણય લીધો છે. બીજીતરફ ધો -૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓની પણ શાળામાં હાજરી ઘટી રહી છે. માધ્યમિક વિભાગમાં પણ કોરોનાના સંક્રમણથી બચવા માટે વાલીઓ વિદ્યાર્થીઓને હવે શાળાએ મોકલવાનુ પસંદ કરતા નથી જેના લીધે ધો -૯ થી ૧૨ માં પણ છેલ્લા કેટલાક સમયથી વર્ગોમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. જો કે ધો -૧ થી ૯ માં લાંબા સમયથી વાલીઓ વિદ્યાર્થીઓને શાળાએ મોકવલાવ રાજી નથી ત્યારે હવે કોરોનાનુ સંક્રમણ વધતા ઓનલાઈન શિક્ષણ શરૂ કરવ